# ગુડાની પ્રથમ આવાસ યોજના લાભાર્થીઓના પૈસા પાણીમાં ગયા ...!!

**આવાસોનુ બાંધકામ કરનાર એજન્સી અને ગુડા વચ્ચે ન્યાયિક વિવાદ પણ એરણે : ગુણવત્તા વગરની કામગીરીથી લાભાર્થીઓમાં આક્રોશ : બીજીતરફ એજન્સી દ્વારા ટેન્ડરની શરત આગળ ધરીને નવુ કામ આપવા માંગણી**

ગાંધીનગર તા ૨૬

ગુડાની પ્રથમ આવાસ યોજના અન્વયે રાયસણ, ચિલોડા અને અડાલજમાં આવાસોનુ નિર્માણ કરાયુ હતુ. જયારે આ અન્વયે કુલ ૧૧૨૦ જેટલા આવાસો બાંધવા માટે દિલ્હીની એજન્સી એમ એસ ખુરાનાને કામ સોંપવામાં આવ્યુ હતુ. પરંતુ આ આવાસોની કામમાં ગુણવત્તાનો ભારોભાર અભાવ વર્તાઈ રહ્યો છે. ગુડાના આવાસોમાં રહેતા રહીશો પણ તોબા પોકારી ગયા છે. ગુડાએ આ કાર્યયોજના અન્વયે એજન્સીને પણ નાંણાની ચુકવણી કરી દીધી છે. ત્યારે આ મામલે ગુડા અને એજન્સી વચ્ચે ન્યાયિક વિવાદ ચાલી રહ્યો છે. બીજીતરફ ગુડાની પ્રથમ આવાસ યોજનાના લાભાર્થીઓ ગુણવત્તા વગરની કામગીરીના લીધ રોજબરોજ એક સાંધે ત્યાં તેર તુટે તેવી સ્થિતિ વચ્ચે તોબા પોકારી ગયા છે.

ગુડા દ્વારા રાયસણ ,ચિલોડા અને અડાલજમાં નિર્માણ કરાયેલા એલ આઈ જી આવાસોનુ બાંધકામ દિલ્હીની એજન્સી એમ એસ ખુરાના દ્વારા કરવામાં આવ્યુ હતુ. જયારે ગુડાના આવાસોની કામગીરી અત્યંત હલકી ગુણવત્તાવાળી હોવાથી ગુડા તંત્ર તેમજ એજન્સી વચ્ચે લાંબા સમયથી ન્યાયિક વિવાદ પણ ચાલી રહ્યો છે. ગુડાએ આ કાર્યયોજનાને અનુલક્ષી એજન્સીને અંદાજિત રૂ ૬૦ કરોડ ચુકવી દીધા છે. જયારે કોન્ટ્રાકટરે શરતોનો આધાર લઈને વધુ રૂ ૬૦ કરોડનુ નવા કામની માંગણી કરતા તંત્ર માટે શિરદર્દ ઉભો થયો છે. ગુડા દ્વારા રાયસણ, અડાલજ અને ચિલોડોમાં અંદાજિત એક દાયકા પુર્વે ૧૧૨૦ આવાસો બાંધવા માટે ટેન્ડર પ્રક્રીયાના અંતે એમ એસ ખુરાનાને કામ સોંપવામાં આવ્યુ હતુ. જેના અંતે એજન્સીએ આ ઠેકાણે આવાસો બાંધવાનુ કામ પણ પુર્ણ કર્યુ હતુ. ગુડાના સુત્રોના જણાંવ્યા મુજબ બાંધકામ પ્રમાણે એજન્સીને રૂ ૬૦ કરોડનુ ચુકવણુ કરી દેવાયુ છે. બીજીતરફ આવાસોની ફાળવણી કરવામાં આવ્યા બાદ તુરંત જ લાભાર્થીઓમાં એક બાદ એક ફરિયાદો ઉઠતી રહેતા ગુડા માટે પણ સમસ્યા ઉભી થઈ હતી. ગુડાની શુભ લાભ આવાસ યોજનામાં જે લાભાર્થીઓએ આવાસ લીધા છે તેમના માટે રોજબરોજ નવી સમસ્યા ઉભી થતી રહે છે.

રાયસણની આવાસ યોજનાના લાભાર્થીઓએ પણ માંડ કરીને લોનના આધારે આવાસ ખરીદ્યા છે. ત્યારે આવાસમાં ભેજ, પાણી ટપકવાની અને ઈલેકટ્રીકને લગતી અનેક ફરિયાદો પણ રહીશો માટે હેરાનગતિનુ કારણ બની છે. જયારે ગુડાની આ આવાસ યોજનામાં હાલ જે સમારકામ કરવામાં આવી રહ્યુ છે તેનો ખર્ચ પણ એમ એસ ખુરાનાની એજન્સીએ ટેન્ડર મેળવતી વખતે ચુકવેલી ડીપોઝીટની રકમમાંથી કરવામાં આવી રહ્યો છે. ત્યોર ટેન્ડરમાં રહેલી શરતનો આધાર લઈને એજન્સી કક્ષાએથી ગુડા પાસે રૂ ૬૦ કરોડનુ નવુ કામ માંગવામાં આવી રહ્યુ છે. કોર્ટમાં મુદતના દૌર સાથે આ કેસ આર્બિટેશન કોર્ટ તરફ આગળ વધ્યો છે. જયારે ગુડાની આવાસ યોજનામાં રહેતા લાભાર્થીઓને એકબાજુ આવાસો ભાડે ન આપવા માટે નિયમો બતાવાય છે બીજીતરફ આવાસોની જાળવણી તરફ કોઈ ધ્યાન આપવામાં આવતુ નથી આ સ્થિતિ વચ્ચે લાભાર્થીઓએ ખર્ચ કર્યા બાદ પણ આવાસમાં પ્રાથમિક સુવિધા મળતી નથી.

# પેથાપુરની ૩૩ વર્ષીય ગૃહીણીનો કોરોના રિપોર્ટ પોઝીટીવ આવ્યો

**શહેરમાં દિપાવલી પછી કોરોનાના નવા ૧૦ કેસ થયા**

ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગર શહેરમાં કોરોનાનો આજે વધુ એક કેસ નોંધાતા આ માસમાં જ કેસની સંખ્યા ૧૦ પર પહોંચી છે. તંત્રએ સતર્ક બની સઘન સર્વેલન્સ માટેની સૂચનાઓ પણ જારી કરી છે.

મળતી વિગતો પ્રમાણે ગાંધીનગર શહેરમાં સમાવિષ્ટ પેથાપુરમાંથી આજે ૩૩ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ મહિલા દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

આરોગ્યતંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે આ દર્દી કાનપુર સામાજિક કારણોસર ગયેલા હતા અને ૨૨મી નવેમ્બરે જ ત્યાંથી પરત ફર્યા છે. પરત ફર્યાના ચોથા દિવસે કોરોના રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

શહેરમાં જે ગતિએ કેસો વધી રહ્યા છે તેને લઈ તંત્રની ચિંતા વધી છે. તંત્રએ સઘન સર્વેલન્સ તેમજ ફરજીયાત માસ્ક અને સોશ્યલ ડિસ્ટન્સીંગના નિયમોની અમલવારી અસરકારક થાય તે જોવા માટે જરૂરી સૂચનાઓ જારી કરી છે.

આજે મળી આવેલ દર્દી સાથે ગાંધીનગરમાં કોરોનાના નવા ૧૦ કેસ અત્યાર સુધીમાં નોંધાયા છે. જે પૈકી પાંચ દર્દીઓ કોરોનામુક્ત થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. હાલ શહેરમાં પાંચ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે.

શહેરમાં કોરોનાની સંખ્યા વધી છે પણ હોસ્પિટલાઈઝેશન દર બહુ જ ઓછો જોવા મળ્યો છે જે તંત્રને રાહતરૂપ છે.

શહેરમાં હાલ તમામ એક્ટીવ કેસો હોમ આઈસોલેશનમાં સારવાર હેઠળ છે. તંત્રએ હોમ આઈસોલેશનના નિયમોની અમલવારી થાય તે જોવા પણ જણાવ્યું છે.

મળતી વિગતો પ્રમાણે આજે નોંધાયેલ દર્દીએ વેક્સિનના બન્ને ડોઝ લીધેલા છે. શહેરમાં પરિસ્થિતિ પર સતર્ક રહી અને નજર રાખવા પણ મનપાના તબીબોને ખાસ સૂચનાઓ આપવામાં આવી છે.

દરમ્યાન શહેરમાં આજે હર ઘર દસ્તક અભિયાનમાં ૧૩૦૦ થી વધુ લોકોને વેક્સિનેશન અભિયાન અંતર્ગત આવરી લેવામાં આવ્યા છે.

# શહેર-જિલ્લામાં કોરોના મૃતક સહાય માટે ૪૦૦ ફોર્મ ગયા

## ૮૮ ફોર્મ ભરાઈને આવ્યા ૨૦ અરજીના હુકમો થયા

ગાંધીનગર, તા. ૨૬

કોરોનામાં મૃત્યુ પામનાર દર્દીને રૂ. ૫૦ હજારની સહાય આપવાની જાહેરાતના પગલે જિલ્લામાંથી આજે ૪૦૦ જેટલા અરજદારો આ સહાય મેળવવાના ફોર્મ લઈ ગયા છે.

જિલ્લાતંત્રના સૂત્રો પાસેથી મળતી વિગતો પ્રમાણે સૌથી વધુ સહાય મેળવવાના ફોર્મ ગાંધીનગર તાલુકામાં ગયા છે. દહેગામ, માણસા અને કલોલમાં થોડોક મોળો પ્રતિસાદ જોવા મળ્યો હોવાનું જણાવ્યુ છે.

તંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે આજે સાંજ સુધીમાં ૮૮ જેટલા ફોર્મ ભરાઈ અને પુરાવાઓ સાથે રજુ થઈ ચુક્યા છે. જે અંગેની ચકાસણી પણ તંત્ર દ્વારા હાથ ધરી દેવામાં આવી છે.

૨૦ જેટલી અરજીઓમાં તો ચુકવણા અંગેના જરૂરી આદેશો જારી કરી દેવામાં આવ્યા છે. એકાદ-બે દિવસમાં ચુકવણી થઈ જશે. રાજ્ય સરકારે એસડીઆરએફની ગ્રાન્ટમાંથી આ સહાય ચુકવવાના આદેશો જારી કર્યા છે.

સરકારે જાહેર કરેલા મૃતકોની સંખ્યા કરતાં ગાંધીનગર જિલ્લામાં વધુ અરજી ફોર્મ ગયા છે. ગાંધીનગર સિવિલમાંથી ૧૪૪ જેટલા દર્દીઓના મોત કોરોનાને કારણે થયા હોવાની યાદી તંત્રને મળી હોવાનું જાણવા મળેલ છે.

તંત્રએ પણ અરજદારોને ગાંધીનગર સુધી આવવુ ના પડે તે માટે દરેક તાલુકા મથકો પર આ ફોર્મ સ્વીકારવા અંગે વ્યવસ્થા ઉભી કરી છે. શનિવાર એ રજાનો દિવસ હોવા છતાં ગાંધીનગર કલેક્ટર કચેરીમાં જનસેવા કેન્દ્ર ચાલુ રાખવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. એફિડેવિટ માટે પણ જનસેવા કેન્દ્રમાં કામગીરી કરવામાં આવનાર હોવાનું જાણવા મળેલ છે. જિલ્લામાં સહાય માટે અરજી કરનારાઓને કોઈપણ પ્રકારની તકલીફ ના પડે તેની પણ કાળજી તંત્ર દ્વારા લેવામાં આવી રહી છે.



ગાંધીનગરમાં 'સંવિધાન ગૌરવ યાત્રા' - ગાંધીનગરમાં આજે શહેર ભાજપ દ્વારા હાથીની અંબાડી પર સંવિધાન મૂકીને 'સંવિધાન દિવસ'ની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે કેન્દ્રીય મંત્રી પરષોત્તમભાઈ રૂપાલા, કેબિનેટ મંત્રી જીતુભાઈ વાઘાણી, પ્રભારી મંત્રી હર્ષભાઈ સંઘવી, પ્રદેશ મહામંત્રી રજનીભાઈ પટેલ, શહેરના મેયર હિતેશ મકવાણા, મહાનગરના અધ્યક્ષ ઋચિર ભટ્ટની વિશેષ ઉપસ્થિતિમાં ગાંધીનગર મહાનગર ભાજપા અનુસૂચિત જાતિ મોરચાના ઉપક્રમે હાથીની અંબાડી પર સંવિધાન મૂકીને 'સંવિધાન ગૌરવ યાત્રા' યોજાઈ હતી. આ યાત્રાનું પ્રસ્થાન ગુજરાત વિધાનસભાની સામે સ્થિત ભારતરત્ન ડૉ. બાબાસાહેબ આંબેડકરજીની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરી કરવામાં આવ્યું હતું તથા પદયાત્રા સ્વરૂપે યાત્રાનું સમાપન ચ-૫ નજીક સેક્ટર - ૧૭માં સ્ટાફ ટ્રેનિંગ કોલેજ ખાતે થયું હતું જ્યાં મહાનુભાવો દ્વારા પ્રાસંગિક સંબોધન કરવામાં આવ્યું હતું.

# રૂપાલની અચાનક મુલાકાતે પહોંચેલા ડેપ્યુટી ડીડીઓ પંચાયત ઘરને તાળુ જોઈ ચોંક્યા

ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગર તાલુકાના રૂપાલ ગામે આજે નાયબ જિલ્લા વિકાસ અધિકારી સુશ્રી જહાનવી પટેલ ગયા ત્યારે પંચાયત કચેરીએ લાગેલા તાળાં જોઈ તેઓ ચોંકી ઉઠ્યા હતા.




બે દિવસ પૂર્વે જ ગામના તલાટીઓને ફરજ પર હાજર ન જણાતાં અપાયેલી નોટીસના અહેવાલની સ્યાહી હજુ સુકાઈ નથી ત્યાં આજે સાંજે સાડાચાર વાગ્યાની આસપાસ ત્યાં પહોંચેલા નાયબ જિલ્લા વિકાસ અધિકારી પણ પંચાયત ઘરને તાળા લાગેલા જોઈ ચોંકી ઉઠ્યા હતા.

પ્રાપ્ત થયેલ વિગતો પ્રમાણે પંચાયતના ક્લાર્કે આવી અને પછી તાળા ખોલ્યા હતા અને ૧૫ મિનિટ સુધી નયાબ જિલ્લા વિકાસ અધિકારી બહાર બેઠા હતા.

નાયબ જિલ્લા વિકાસ અધિકારીની આ ઓચીંતી મુલાકાત હતી. આ પછી તેમણે ગામમાં ચાલી રહેલ સ્વચ્છતા અભિયાન સહિત પંચાયતની વિવિધ કામગીરી અંગે સરપંચ તેમજ જિલ્લા પંચાયતના સદસ્ય અને સભ્યો સાથે પરામર્શ કરી વિગતો મેળવી હતી.

રૂપાલ ગામ એ કેન્દ્રીય ગૃહમંત્રી અમીત શાહે આદર્શ ગામ તરીકે વિકસાવવા માટે દત્તક લીધુ છે. અહિ સ્વચ્છતા અભિયાન અંગે રાજ્ય બહારની એક સ્વૈચ્છીક સંસ્થા દ્વારા કામગીરી હાથ ધરવામાં આવી છે. જો કે સ્થાનિક કર્મયોગીઓની ઉદાસીનતાથી સૌ ચોંકી ઉઠ્યા છે.

ગાંધીનગર જિલ્લામાં હજુ આગામી દિવસોમાં આવી ઓચિંતી મુલાકાત લેવાનો તંત્રના અધિકારીઓએ નિર્ણય કર્યો છે. જિલ્લા કલેક્ટરે પણ છેલ્લી ફરિયાદ નિવારણ અને સંકલન સમિતિની બેઠકમાં અધિકારીઓને દર શુક્રવારે ફિલ્ડ વીઝીટ કોઈ એક ગામની કરવા માટેની કડક સૂચનાઓ આપી હતી.

ગાંધીનગર જિલ્લામાં તલાટીઓ તેમની ફરજના સ્થળે હાજર નહિ રહેતા હોવાની ફરિયાદો સતત વધી રહી છે. ત્યારે તંત્રએ પણ હવે અચાનક મુલાકાતોનો સિસિલો શરૂ કર્યો હોવાનું જાણવા મળેલ છે.

# જિલ્લામાં રવિ સીઝનની પાક પેટર્નમાં બદલાવ દેખાયો

**ઘઉંના વાવેતર માટે સાનુકૂળ વાતાવરણ હોવાનું જણાવી કૃષિ યુનિ.ના વૈજ્ઞાનિકોએ ભાર મુક્યો : ૩૭,૭૭૫ હેક્ટરમાં વાવણીનું કાર્ય સંપન્ન થયુ : ચણા, તમાકુ, વરિયાળી, રાઈનું વાવેતર વધ્યુ**

ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગર જિલ્લામાં રવિ સીઝનનું વાવેતર ૪૪ ટકા વિસ્તારમાં થઈ ગયુ છે. જો કે હજુ શિયાળુ પાક માટે ઠંડીનું વાતાવરણ જોઈએ તેવુ જામ્યુ નથી એટલે રવિ સીઝનની વાવણી મોડી જરૂર પડી છે.

ચોમાસાની વિલંબથી થયેલ વિદાય પછી જિલ્લામાં આ વખતે રવિ સીઝનના વાવેતરમાં પાક પેટર્નમાં બદલાવ જોવા મળી રહ્યો છે. ૨૯ ટકા જેટલી વરસાદની ઘટ પણ પેટર્ન બદલાવ માટે મહત્વનું કારણ હોવાનું મનાઈ રહ્યું છે.

જિલ્લામાં આ વખતે તમાકુ, ચણા, રાઈ અને મકાઈના વાવેતર વિસ્તારમાં અગાઉના વર્ષોની તુલનામાં વધારો થઈ રહ્યાનું જણાયુ છે. જિલ્લામાં ઓછા પાણીએ વધુ પાક ઉત્પાદન મેળવવા તરફ ખેડૂતો વળ્યા છે.

જિલ્લામાં અત્યાર સુધીમાં ૩૩,૭૭૫ હેક્ટર વિસ્તારમાં વાવેતર સંપન્ન થયુ છે. જિલ્લામાં રવિ સીઝનનો મુખ્ય પાક ગણાતા ઘઉંના વાવેતરમાં હજુ સુધી ગતિ જોવા મળી છે. જિલ્લામાં અત્યાર સુધીમાં ૭૬૮૪ હેક્ટર વિસ્તારમાં જ ઘઉંનું વાવેતર થયુ છે. બટાટાનું વાવેતર ૭૬૪૭ હેક્ટરમાં થયુ છે.

જિલ્લામાં વરિયાળીનું ૬૯૧ હેક્ટરમાં, શાકભાજીનું વાવેતર ૩૬૮૦ હેક્ટરમાં, તમાકુનું વાવેતર ૨૭૫૪ હેક્ટરમાં, રાઈનું વાવેતર ૧૪૭૩ હેક્ટરમાં, ચણાનું વાવેતર ૧૦૭૦ હેક્ટરમાં તેમજ મકાઈનું વાવેતર ૨૦૭ હેક્ટરમાં નોંધાયુ છે. જિલ્લામાં પશુધન માટે ૮૬૫૭ હેક્ટરમાં વાવેતર થયું છે.

દરમ્યાન જિલ્લામાં ઘઉંના વાવેતરમાં વૃદ્ધિ થાય અને ગતિ આવે તે માટે દાંતીવાડા કૃષિ યુનિ.ના કૃષિ-સલાહ બુલેટીન અને હવામાન પૂર્વાનુમાનના અંક નં. ૬૮માં ભાર મુકવામાં આવ્યો છે.

વૈજ્ઞાનિકોએ આ અંગે ભલામણ કરતાં જણાવ્યુ છે કે ઘઉંને ઠંડુ અને સુકુ હવામાન અનુકૂળ છે. સમયસર વાવણી કરવાથી ઘઉંના પાકના ઉત્પાદનમાં ૨૦ ટકા જેટલો વધારો જોવા મળે છે. સમયસરની વાવણી માટે બે ચાસ વચ્ચે ૨૨.૫ સે.મી. અને મોડી વાવણી માટે બે ચાસ વચ્ચે ૧૮ સે.મી. અંતર રાખી વાવણી કરવા સલાહ અપાઈ છે.

# શહેરમાં શિયાળાની મોસમ જામતી નથી એક જ રાતમાં ઠંડીનુ જોર ૩ ડીગ્રી ઘટી ગયુ

**લઘુત્તમ અને મહત્તમ તાપમાનમાં સતત ફેરફાર જોવા મળે છે : વહેલી સવારે ગરમ કપડામાં લપેટાયેલા રહેતા નગરજનો દિવસે ગરમીનો અહેસાસ કરતા વિચિત્ર મોસમની અસરથી જનજીવન પ્રભાવિત**

ગાંધીનગર તા ૨૬

શહેરમાં ઠંડીની મોસમ લુપાછુપી રમી રહી છે. ગઈકાલની સાપેક્ષમાં આજે ઠંડીનો પારો ૩ ડીગ્રી ઉપર સરકી જતા લઘુત્તમ તાપમાન ૧૫ ડીગ્રીએ પહોંચી ગયુ હતુ. વહેલી સવારે ગરમ કપડામાં લપેટાતા નગરજનોને દિવસે ગરમીનો અહેસાસ કરતા એ સી ઓન કરવાની ફરજ પડે છે. શહેરમાં શિયાળાની મોસમ જામતી નથી જયારે વિચિત્ર મોસમની અસરથી જનજીવન પ્રભાવિત છે.

શહેરમાં છેલ્લા કેટલાક સમયથી ઠંડીના પારામાં ચઢ ઉતર જોવા મળી રહી છે. ગત દિવસોમાં લઘુત્તમ તાપમાન ૨૨ ડીગ્રીની આસપાસ પહોંચી જવાની સાથે મહત્તમ તાપમાન પણ ૩૩ ડીગ્રીએ રહેતા નગરજનોએ ઉનાળા જેવી ગરમીનો અહેસાસ કર્યો હતો. જયારે ચાર પાંચ દિવસ સુધી સતત ઠંડીનુ જોર ઘટેલુ રહ્યા બાદ છેલ્લા બે દિવસથી લઘુત્તમ તાપમાનમાં અચાનક જ હલચલ જોવા મળી રહી છે. ગઈકાલે ઠંડીનો પારો ૧૨ ડીગ્રીએ પહોંચી જતા નગરજનોએ આકરી ઠંડીનો અહેસાસ કર્યો હતો ગત દિવસોમાં સર્જાયેલા વાદળિયા વાતાવરણના અંતે ઠંડીની મોસમનુ જોર ઘટી ગયુ હતુ પરંતુ છેલ્લા બે ત્રણ દિવસથી ઠંડી વધતા નગરજનોએ રાત્રિના તેમજ વહેલી સવારે ઠંડીનો ચમકારો અનુભવ્યો હતો. શિયાળાની મોસમ હજુ જામી નથી ઠંડીનો મિજાજ સતત બદલાતો રહે છે. જેના લીધે નગરજનો વિચિત્ર મોસમનો અહેસાસ કરી રહ્યા છે. આજે પણ ગઈકાલની સાપેક્ષમાં ઠંડીનો પારો ૩ ડીગ્રી ઉપર સરકી ગયો હતો. અલબત્ત લઘુત્તમ તાપમાન ૧૨ ડીગ્રીના બદલે ૧૫ ડીગ્રી નોંધાયુ હતુ. જેના લીધે દિવસ દરમિયાન નગરજનોએ બફારાનો અનુભવ કર્યો હતો. વાતાવરણમાં ઠંડીના પ્રમાણમાં સતત વધ ઘટ જોવા મળી રહી છે. બીજીતરફ ઠંડીનુ જોર ઘટવાની સાથે મહત્તમ તાપમાનમાં પણ ફેરફાર જોવા મળે છે. જેના લીધે દિવસ સમયે તાપ આકરો લાગવાની સાથે ગરમીનો

● અનુસંદાન પાન-૭ પર

# સિધ્ધરાજ ગૃપના બિલ્ડર ચેતન પટેલના પિતાશ્રી બાબુભાઈનું નિધન

ગાંધીનગર તા. ૨૬

ગાંધીનગરની અનેક સંસ્થાઓ સાથે સંકળાયેલા અને સિધ્ધરાજ ગૃપથી જાણીતા અગ્રણી બિલ્ડર ચેતનભાઈ પટેલના પિતાશ્રી બાબુભાઈ પટેલનું ટૂંકી માંદગી બાદ આજરોજ દુઃખદ નિધન થવા પામ્યું છે. મૂળ પાટણના વતની એવા સ્વ. બાબુભાઈ પટેલ આજીવન શિક્ષક હોવા સાથે તેમને સતત હસતા અને મિલનસાર સ્વભાવને કારણે સમાજના મોભી તરીકે આગવી ઓળખ ધરાવતા હતા. સ્વર્ગસ્થની અંતિમયાત્રા આજે સાંજે તેમના નિવાસ સ્થાનેથી નીકળી મુક્તિધામ સ્મશાન ખાતે ગઈ હતી જ્યાં તેમના અંતિમ સંસ્કાર કરવામાં આવ્યાં હતા. આ પ્રસંગે બિલ્ડર અગ્રણીઓ સહિત શહેરના અનેક ક્ષેત્રના અગ્રણીઓ તેમજ તેમના પરિવારજનો, સગા સબંધીઓ, સ્નેહીજનો-મિત્રો વગેરે મોટી સંખ્યામાં જોડાયા હતા.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
ASTRAL PIPES
PRINCE PIPING SYSTEMS
Jaquar experience bathing
DR. FIXIT
Birla White THE WHITEST WHITE CEMENT
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ ®
AN ISO 9001:2015 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિકસ ડિઝાઈનીંગ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com